છઠ્ઠા અધ્યાયમાં સૂત્રકાર મહર્ષિએ ૧ થી ૧૦ સૂત્રોમાં આશ્રવ તત્ત્વની સામાન્ય ચર્ચા કરી. ૧૧ થી ૨૬ સૂત્રોમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય વગેરે પ્રત્યેક કર્મના આશ્રવો સમજાવ્યા. હવે તેજ આશ્રવના હિંસા, અનૃત વગેરે ભેદો સમજાવે છે. એ આશ્રવોથી વિરમવું તેને વ્રત કહેવાય છે. આ અધ્યાયમાં મુખ્યત્વે વ્રત, વ્રતની ભાવના અને વ્રતના અતિચાર એજ મુખ્ય વિષય છે. આશ્રવને જણાવતા છઠ્ઠા અધ્યાયના ૧૩મા સૂત્રમાં વ્રતી શબ્દ આવે છે. આ વ્રતી શબ્દ મૂળ વ્રત શબ્દ ઉપરથી બનેલો છે. વ્રતના અતિચારો આશ્રવ રૂપે છે એવું વર્ણન આ અધ્યાયમાં વિસ્તારથી કર્યું છે.

અતિચાર સમજવા માટે વ્રતોનું જ્ઞાન હોવું આવશ્યક છે. સૂત્રકાર મહર્ષિ પ્રથમ સૂત્રમાં વ્રતની વ્યાખ્યા કરે છે. ત્રીજા સૂત્રમાં વ્રતની પાંચ-પાંચ ભાવનાઓ જણાવે છે. સૂત્ર ૮ થી ૧૬ માં પ્રત્યેક વ્રતના સ્વરૂપની સ્પષ્ટતા કરી સૂત્ર ૧૮ થી ૩૨ માં વ્રતના અતિચારો જણાવે છે જે પરોક્ષ રીતે આશ્રવો જ છે.

હિંસાઽનૃતસ્તેયાબ્રહ્મપરિગ્રહેભ્યો વિરતિર્વ્રતમ્ — ૭-૧
હિંસા અનૃત સ્તેય અબ્રહ્મ પરિગ્રહેભ્યઃ વિરતિઃ વ્રતમ્ ૭-૧

સૂત્રાર્થ: હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય (મૈથુન) અને પરિગ્રહ એ પાંચ પાપોથી વિરમવું એ વ્રત કહેવાય છે.

ભાવાર્થ: છઠ્ઠા અધ્યાયમાં ૧૩ મા સૂત્રમાં "ભૂત-વ્રતી-અનુકંપા દાનં..." સૂત્રમાં વ્રતી શબ્દ આવ્યો છે તેથી આ અધ્યાયમાં પ્રથમ વ્રત સમજાવે છે. હિંસા, અનૃત, સ્તેય, અબ્રહ્મ અને પરિગ્રહ એ પાપોને સમજી, તેનો ત્યાગ સ્વીકારી તે દોષોને ન સેવવા તે વ્રત કહેવાય છે. હિંસા, અનૃત, સ્તેય વગેરેનો અર્થ સૂત્ર ૮ થી ૧૨ માં આગળ આવે જ છે. અઢાર પાપસ્થાનકોમાં આ પાંચ પાપો મુખ્ય છે તેથી પાંચ પાપોના વિરમણને પાંચ વ્રત કહેવાય છે. તેમાં પહેલું હિંસાવિરમણવ્રત (અહિંસા) મુખ્ય છે.

બાકીના ચાર વ્રતો જેમ અનાજની રક્ષા કરવા ખેતરમાં
ચારે બાજુ વાડ હોય છે તેમ પ્રથમ વ્રતની રક્ષા માટે
વાડ સ્વરૂપ છે. જો કે સાધુઓને માટે છઠ્ઠું રાત્રિભોજન
વિરમણવ્રત પણ છે. છતાં અહીં સર્વસામાન્ય વ્રતોની
ગણતરી રાખીને તેનો ઉલ્લેખ કર્યો નથી.

સાર:

જ્યાં સુધી જીવ સ્વ-સ્વરૂપમાં સ્થિર ન હોય ત્યાં
સુધી અશુભ ભાવોને દૂર કરી હિંસા વગેરે દોષોથી
વિરમવું એ જ હિતકારી છે.

જ્યારે જીવ હિંસા, મૃષા, અદત્ત, અબ્રહ્મ અને પરિગ્રહથી
વિરમે (અટકે) છે ત્યારે તે ક્રમશ: ગુણસ્થાનકની શ્રેણી પર
ચઢે છે અને દેશવિરતિ - સર્વવિરતિ - ક્ષપક શ્રેણી
આદિ માંડીને ક્ષાયિક ચારિત્ર પ્રાપ્ત કરી મોક્ષ પામી શકે છે.
અહીં તો આસ્રવનો ત્યાગ તેમજ સંવર અને મોક્ષના
સાધનભૂત આ વ્રતોનો સ્વીકાર એ જ આ સૂત્રનો સાર છે.

હવેના સૂત્રમાં પાંચ વ્રતોના બે ભેદો જણાવે છે.

દેશ - સર્વતોऽણુ - મહતી ——— ૭-૨

દેશ સર્વતઃ અણુ મહતી ૭-૨

સૂત્રાર્થ: (હિંસાદિ પાપોથી) દેશથી (આંશિક કે સ્થૂલ) નિવૃત્તિ તે અણુવ્રત અને સર્વથી (સૂક્ષ્મથી) નિવૃત્તિ તે મહાવ્રત છે.

ભાવાર્થ: પાંચ મહાવ્રતો:


(૧) પ્રાણાતિપાત વિરમણ વ્રત: સર્વ પ્રકારના જીવોની હિંસાનો ત્યાગ
(૨) મૃષાવાદ વિરમણ વ્રત: સર્વ પ્રકારના અસત્યનો ત્યાગ
(૩) અદત્તાદાન વિરમણ વ્રત: સર્વ પ્રકારની ચોરીનો ત્યાગ
(૪) મૈથુન વિરમણ વ્રત: સર્વ પ્રકારના મૈથુનનો ત્યાગ
(૫) પરિગ્રહ વિરમણ વ્રત: સર્વ પ્રકારના પરિગ્રહનો ત્યાગ.

ઉપરોક્ત સૂત્રમાં જે હિંસા, જુઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ એ પાંચ પાપો ગણાવેલા છે તેનો દેશથી અર્થાત્ અમુક અંશે ત્યાગ કરવો તે અણુવ્રત છે અને તે પાંચેનો સર્વથા ત્યાગ કરવો એ મહાવ્રત છે.

અહીં સર્વથા ત્યાગનો અર્થ સ્પષ્ટ છે કે મનથી, વચનથી અને કાયાથી અહિંસાદિ દોષો સર્વથા સેવે નહિ, બીજા પાસે સેવરાવે નહિ અને સેવનારની અનુમોદના પણ કરે નહિ. જ્યારે દેશથી ત્યાગમાં તો સંપૂર્ણ વ્રતના ૧ ટકાથી ૯૯ ટકા સુધીનો કોઈપણ અંશ દેશ કહેવાય એટલે કે સમગ્ર હિંસા વિરમણમાંથી જેટલું પણ વિરમે તેટલું દેશથી જ કહેવાય. કેમકે એટલા કે દેશથી વિરમણમાં અનુમોદનાનો ત્યાગ હોતો નથી. પૂર્વ સૂત્રમાં હિંસાદિ પાંચેય દોષોથી વિરમવાનું જણાવેલ છે. તેથી અણુવ્રત પણ પાંચ થશે. આ અણુવ્રતને સ્થૂળવ્રત પણ કહે છે.

પાંચ અણુવ્રતો :

(૧) સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત :-




સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત એટલે નિરપરાધી ત્રસજીવોની સંકલ્પપૂર્વક નિરપેક્ષ હિંસાનો ત્યાગ

(૧) સાધુને ત્રસ અને સ્થાવર બંને પ્રકારના જીવોની હિંસાનો ત્યાગ છે જ્યારે શ્રાવકને ત્રસ જીવોની હિંસાનો ત્યાગ છે ગૃહસ્થપણામાં સ્થાવર જીવોની હિંસાનો ત્યાગ અશક્ય છે એટલે સ્થાવરની જયણા છે.
ધારોકે સાધુને આ વ્રત વીસ વસા (એક માપ છે) જેટલું ગણવામાં આવે તો શ્રાવકને દસ વસા જેટલું પ્રમાણ હોય.

(૨) ત્રસ જીવોની હિંસા પણ બે પ્રકારે છે. (૧) સંકલ્પથી અને (૨) આરંભથી.
ગૃહસ્થોને (શ્રાવકોને) આરંભજન્ય હિંસાની જયણા હોય છે. સંકલ્પથી એટલેકે મારવાની બુદ્ધિથી હિંસાનો ત્યાગ કરવામાં આવે છે. મારવાની બુદ્ધિ ન હોવા છતાં ખેતી રસોઈ વગેરે પ્રવૃત્તિમાં અજાણતા ત્રસ જીવો હણાઈ જાય તો તે આરંભજન્ય હિંસાનો ત્યાગ હોતો નથી. એટલે ગૃહસ્થોને દશ વસામાંથી ફક્ત પાંચ વસાનું પ્રમાણ રહેશે.

(૩) સંકલ્પજન્ય હિંસા બે પ્રકારે છે. અપરાધી અને નિરપરાધી. તેમાં પણ નિરપરાધી જીવોની જ હિંસાનો ત્યાગ કરવામાં આવે છે. કોઈ ગુંડો સ્ત્રી સાથે છેડતી કરતો હોય, અથવા ચોર ઘરમાં દાખલ થયો હોય અથવા હિંસક પ્રાણી હુમલો કરે વગેરે પ્રસંગોમાં અપરાધીને યોગ્ય શિક્ષા કરતા સ્થૂલહિંસા થઈ જાય છે. અપરાધીને મારવો પડે ~~તેમાં~~ તો તેમાં થતી હિંસાનો ત્યાગ થતો નથી. એટલે અઢીવસા પ્રમાણ બાકી રહેશે.

(૪) નિરપરાધીને શિક્ષા પણ નિષ્કારણ અને સકારણ બે રીતે હોઈ શકે છે. જેમકે પશુને પાળેલા હોય કે ખેતી વગેરેના કામમાં રોકેલા હોય તો તેમને સજા કરવી પડે એ જ રીતે કામ કરનાર નોકરોને પણ સજા કરવી પડે છે તેને કારણે સકારણ હિંસા કહી છે. નિરપરાધી આવી સકારણ હિંસાની ગૃહસ્થને જયણા હોય છે ત્યારે નિરપરાધી પ્રાણીને વિના કારણ નિર્દયતાથી મારવું તે નિષ્કારણ હિંસા છે તેનો ત્યાગ કરવાનો છે. આમ નિરપરાધી જીવને સકારણ મારવો તેનો જ ત્યાગ થતો હોવાથી ફક્ત ~~સવાવીશ~~ સવા વસા પ્રમાણ બાકી રહેશે. ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો ૧૦૦ ટકાના મહાવ્રત પાલનની અપેક્ષાએ અણુવ્રતનું પાલન ~~સવ~~ સવા છ ટકા (૬.૨૫ %) થાય છે.

(૨) <u>સ્થૂલમૃષાવાદ વિરમણ વ્રત</u>:

મૃષાવાદ એટલે જૂઠું બોલવું. આ દોષનો અમુક અંશે ત્યાગ કરવો અથવા દોષથી જુઠાણાની વિરતિ તે સ્થૂલ મૃષાવાદ વિરમણવ્રત.

કન્યા-અલીક, ગૌ-અલીક, ભૂમિ-અલીક, ન્યાસ-અપહાર, કૂટસાક્ષી એ પાંચ પ્રકારના અસત્યનો ત્યાગ

(૧) <u>કન્યા-અલીક</u>: સગપણ વગેરે પ્રસંગોમાં કન્યાના વિષયમાં અસત્ય બોલવું. જેમકે કન્યા શીલવંત ન હોવા છતાં તે ખૂબ ગુણિયલ છે તેમ કહેવું. જો કે કન્યા શબ્દ ઉપલક્ષણથી કહેવાતો જાય છે તેના મૂળમાં દ્વિપદ અર્થાત્ નોકર-ચાકર માટે અસત્ય બોલવું. જેમ કે નોકરોમાંથી છૂટા કરેલા નોકર માટે જૂઠી વાતો ફેલાવવી.

(૨) ગો-અલીક: ગાય, બળદ વગેરે પશુઓના સંબંધમાં જૂઠું બોલવું જેમકે કોઈ ગાય દશ લીટર દૂધ આપતી હોય છતાં પંદર લીટર દૂધ આપે છે તેમ કહેવું. અહીં ગો-શબ્દ ઉપલક્ષણથી છે ખરેખર ચતુષ્પદ અર્થાત્ ચાર પગવાળા સર્વ પશુઓનો અહીં સમાવેશ થાય છે.

(૩) ભૂમિ અલીક: જમીન, મકાન વગેરે સ્થાવર મિલકતના સંબંધમાં જૂઠું બોલવું. જેમકે જમીન રસકસવાળી ન હોવા છતાં ફળદ્રુપ કહેવી. કબજામાં હોવા છતાં બીજાની જમીન કહેવી. અહીં ભૂમિના ઉપલક્ષણથી સર્વ મિલકતો સંબંધી થતા મૃષાવાદનો સમાવેશ કરવો.

(૩) ન્યાસ અપહાર: ન્યાસ એટલે થાપણ. ગુપ્ત થાપણ રૂપે મૂકેલા પૈસા લેવા આવે ત્યારે નહિ આપવા એમ કહીને થાપણનો અપહાર (અસ્વીકાર) કરવો તે ન્યાસ અપહાર. જો કે આ ચોરીનો જ એક પ્રકાર છે. છતાં એ ચોરી અસત્ય બોલીને કરાતી હોવાથી, એમાં અસત્યની પ્રધાનતા હોવાથી એનો અસત્યમાં સમાવેશ કર્યો છે.

(૪) કૂટ સાક્ષી: કોઈની ખોટી સાક્ષી પૂરવી તે કૂટ સાક્ષી નામનો મૃષાવાદ છે. પૈસા કે સત્તાની લાલચથી, લાગવગથી, કોર્ટમાં કોઈની પણ ખોટી સાક્ષી પૂરવી એ મહા અનર્થનું કારણ છે માટે દોષ રૂપ છે.

પરંતુ જો કોઈનો જીવ બચાવવા અસત્ય બોલવું પડે તો તેનો અહીં સમાવેશ થતો નથી.

(૩) સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત:
જેને વ્યવહારમાં ચોરી કહેવામાં આવે છે તે પર દ્રવ્ય હરણ, ખીસું કાપવું, દાણચોરી, લૂંટફાટ વગેરે સ્થૂળ ચોરીનો ત્યાગ તે સ્થૂળ અદત્તાદાન વિરમણ વ્રત.

(૪) **સ્થૂળ મૈથુન વિરમણ વ્રત:**

સ્વપત્ની સિવાયની અન્ય કોઈ સ્ત્રી અથવા પરસ્ત્રી સાથે મૈથુનનો ત્યાગ કરવો.

(૫) **સ્થૂલપરિગ્રહવિરમણ વ્રત:**

રોકડ, દુકાન, ઘર, દાગીના વગેરે દરેકનો અમુક અમુક પ્રમાણથી વધારેનો ત્યાગ અથવા રોકડ નાણું વગેરે બધું ભેગું મળીને અમુક નિશ્ચિતથી વધારે મિલ્કતનો ત્યાગ.

**મહાવ્રત અને અણુવ્રત વચ્ચે તફાવત:**

- પાંચ મહાવ્રતોમાં પાંચે પાંચનો સ્વીકાર કરવો પડે છે તેમાં કોઈ છૂટછાટ લઈ શકાતી નથી. જ્યારે અણુવ્રતોમાં પોતે સ્વીકારેલા એક-બે કે પાંચ વ્રતોમાં સંક્ષેપ કરી શકે છે. અનુકૂળતા મુજબ છૂટછાટ લઈ શકાય છે.

- પાંચ મહાવ્રતોમાં મન, વચન, કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવું એ રીતે ત્રણ યોગ અને ત્રણ કરણથી [3×3] નવ ભેદે પચ્ચખાણ હોય છે. (૯ કોટી પચ્ચખાણ)
જ્યારે અણુવ્રતોમાં મન, વચન, કાયાથી કરવું નહીં - કરાવવું નહીં એમ ત્રણ યોગ અને બે કરણથી [3×2] ૬ ભેદે (૬-કોટી પચ્ચખાણ) પચ્ચખાણ હોય છે પણ અનુમોદનાનો ત્યાગ હોતો નથી.

- મહાવ્રતોની અપેક્ષાએ નાના વ્રતો હોવાથી તેને અણુવ્રતો કહે છે અથવા અણુવ્રતોની અપેક્ષાએ મોટાં હોવાથી તેને મહાવ્રતો કહેવામાં આવે છે.

વ્રતમાં "મહા" અને "અણુ" કેમ કહ્યા ?

- ગુણોની અપેક્ષાએ મહાવ્રતધારી સાધુ કરતા દેશ વિરતિધર ગૃહસ્થો અણુ અર્થાત નાના હોય છે માટે તેમને "અણુ" કહ્યા. અવિરત ગૃહસ્થોની અપેક્ષાએ સર્વવિરતિધરમાં ગુણો વધુ હોવાથી તેમને "મહા" કહેવામાં આવે છે.

- તીર્થંકર ભગવંત પોતાની પ્રથમ દેશનામાં પહેલા સર્વવિરતિનો અર્થાત્ મહાવ્રતોનો ઉપદેશ આપે છે ત્યારબાદ દેશ વિરતિનો ઉપદેશ આપતા હોવાથી તેને અણુવ્રતો કહેવામાં આવે છે.

અણુવ્રતધારી જીવોને શ્રાવક અને શ્રાવિકા કહેવાય છે. તથા મહાવ્રતધારી જીવોને સાધુ અને સાધ્વીજી કહેવાય છે. આવા વ્રતધારી સમ્યગ્દષ્ટિ જીવોને જ ચતુર્વિધ સંઘ કહેવાય છે.

તત્સ્થૈર્યાર્થં ભાવના: પઞ્ચ પઞ્ચ ૭-૩

તત્સ્થૈર્યાર્થં ભાવના: પંચ પંચ ૭-૩

સૂત્રાર્થ: તે (મહાવ્રતોની) સ્થિરતા માટે (દરેક મહાવ્રતની) પાંચ પાંચ ભાવનાઓ છે.

પ્રશ્ન: આ ભાવનાઓની શી જરૂર છે ?

સમાધાન: ખાસ કાળજી પૂર્વક વિશેષ પ્રકારની અનુકૂળ પ્રવૃત્તિઓ સેવવામાં ન આવે તો સ્વીકારવા માત્રથી વ્રતો કંઈ આત્મામાં ઉતરતા નથી. તેથી ગ્રહણ કરેલા વ્રતો જીવનમાં ઊંડા ઉતરે તે માટે દરેક વ્રતને અનુકૂળ થઈ પડે તેવી કેટલીક પ્રવૃત્તિઓ સ્થૂળ દૃષ્ટિએ ખાસ ગણાવવામાં આવી છે જે પ્રવૃત્તિ ભાવનાના નામથી પ્રસિદ્ધ છે.

અહિંસા વ્રતની પાંચ ભાવનાઓ:-

(૧) ઈર્યાસમિતિ: જ્યાં લોકોનું ગમનાગમન થતું હોય અને સૂર્યનો પ્રકાશ પડતો હોય તેવા માર્ગે જીવ રક્ષા માટે યુગ પ્રમાણ (સાડા ત્રણ હાથ) દૃષ્ટિ રાખીને ચાલવું.

(૨) મનોગુપ્તિ: આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરી ધર્મધ્યાનમાં મનનો ઉપયોગ રાખવો.

(૩) એષણા સમિતિ: દોષો ન લાગે તે રીતે આહારપાણી વસ્તુઓ લેવી અને વાપરવી.

(૪) આદાન નિક્ષેપણા સમિતિ: આદાન એટલે લેવું અને નિક્ષેપણ એટલે મુકવું. વસ્તુ લેવી હોય ત્યારે તેનું દૃષ્ટિથી નિરીક્ષણ કરીને તથા રજોહરણ આદિથી પ્રમાર્જન કરીને લેવી. તથા વસ્તુ મુકવી હોય ત્યારે ભૂમિનું દૃષ્ટિથી નિરીક્ષણ કરીને તથા રજોહરણ આદિથી પ્રમાર્જન કરીને મુકવી.

(૫) આલોકિત પાન ભોજન: પ્રકાશવાળા ક્ષેત્રમાં સૂક્ષ્મ રીતે નિરીક્ષણ કરીને ભોજન પાણી લેવા.

મૃષાવાદ વિરમણ વ્રતની પાંચ ભાવનાઓ:

(૧) અનુવીચિ ભાષણ: અનુવીચિ એટલે વિચાર. વિચાર કરીને ઉચિત, પરિમિત અને આવશ્યક હોય તેટલું જ બોલવું.

(૨) ક્રોધ પ્રત્યાખ્યાન: ક્રોધનો ત્યાગ કરીને બોલવું.

(૩) લોભ પ્રત્યાખ્યાન: લોભનો ત્યાગ કરવો.

(૪) ભય પ્રત્યાખ્યાન: સાત પ્રકારના ભયનો ત્યાગ કરવો.
ઇહલોક (મનુષ્યને મનુષ્યથી) ભય,
પરલોક (મનુષ્યને તિર્યંચથી) ભય,
આદાન (કોઈ લઈ જશે એવો) ભય
અકસ્માત (વિજળી વગેરેનો) ભય
આજીવિકા (જીવન-નિર્વાહ) ભય
મરણ ભય અને અપયશ ભય

(૫) હાસ્ય પ્રત્યાખ્યાન: હાંસી, મશ્કરી ત્યજન જાણવું.

અદત્તાદાન વિરમણવ્રતની પાંચ ભાવનાઓ:

(૧) અનુવીચિ અવગ્રહ યાચના:
અનુવીચિ એટલે વિચાર. અવગ્રહ એટલે રહેવાની જગ્યા. યાચના એટલે માંગણી. જે સ્થાને રહેવાનું હોય તેના માલિક પાસે બરાબર વિચાર પૂર્વક રજા લઈને જ તે સ્થાનમાં રહેવું.

(૨) વારંવાર અવગ્રહ યાચના: (અભિક્ષ્ણાવગ્રહ યાચન)
સામાન્યથી અવગ્રહની યાચના કરી હોય છતાં રોગાદિ અવસ્થામાં ભિન્ન ભિન્ન જગ્યાનો ભિન્ન ભિન્ન રીતે ઉપયોગ કરવો પડે તો જ્યારે જ્યારે જે-જે જગ્યાનો જે-જે રીતે ઉપયોગ કરવાનો હોય ત્યારે ત્યારે તે-તે જગ્યાનો તે-તે રીતે ઉપયોગ કરવાની યાચના કરવી અર્થાત્ વારંવાર અવગ્રહ યાચના કરવી.

(3) અવગ્રહ અવધારણ: જેટલી જરૂરિયાત હોય તેટલી જ ભૂમિ માંગવી અને તેટલી જ જગ્યાનો ઉપયોગ કરવો.

(4) સમાન ધાર્મિક અવગ્રહ યાચના: જો સ્થળે પૂર્વે આવેલા સાધુઓ ઊતરેલા હોય અને તે સ્થળે ઊતરવું હોય તો પૂર્વે ઊતરેલા સાધુઓની અનુજ્ઞા લેવી જોઈએ.

(5) અનુજ્ઞાપિત પાન ભોજન: શાસ્ત્રાનુસારે લાવેલા ભોજન પાણીનો ઉપયોગ ગુરુની અનુજ્ઞા લઈને કરવો. તેમ ન કરો તો ગુરુ અદત્તનો દોષ લાગે.

મૈથુન (અબ્રહ્મ) વિરમણ વ્રતની પાંચ ભાવનાઓ:

(1) સ્ત્રી-પશુ-પંડક સંસક્ત વસતિ વર્જન: જ્યાં સ્ત્રીઓનું ગમનાગમન વધારે હોય, જ્યાં પશુઓ આદિ પ્રમાણમાં હોય, જ્યાં નપુંસકો રહેતા હોય, તેવી વસતિ કે સ્થાનનો ત્યાગ કરવો.

(2) રાગ યુક્ત સ્ત્રીકથા વર્જન: કથા કામરાગ પૂર્વક કરવી નહિ. સ્ત્રીના રૂપ, કંઠ, વસ્ત્રાદિ કથા.

(3) મનોહર ઈન્દ્રિય અવલોકન વર્જન: વિજાતીય વ્યક્તિના કામ-વાસના ઉત્તેજક અંગો ન જોવા.

(4) પૂર્વક્રીડા સ્મરણ વર્જન: ભૂતકાળમાં અનુભવેલી મૈથુન ક્રીડાના સ્મરણનો ત્યાગ કરવો.

(5) પ્રણીત રસ ભોજન વર્જન: કામવાસનાવર્ધક અને વિકાર ઉત્તેજક આહારનો ત્યાગ કરવો. દૂધ, દહીં, ઘી, માખણ વગેરે સ્નિગ્ધ અને મધુરરસવાળો આહાર પ્રણીત આહાર છે.

અપરિગ્રહ વિરમણ વ્રતની પાંચ ભાવનાઓ:-

મનોજ્ઞ (ઇષ્ટ) કે અમનોજ્ઞ (અનિષ્ટ) સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ માં સમભાવ રાખવો એ અપરિગ્રહ વ્રતની પાંચ ભાવનાઓ છે.

(૧) ઇષ્ટ-અનિષ્ટ રૂપાવલોકન વર્જન:
મનગમતા અને અણગમતા રૂપ જોતાં રાગ-દ્વેષનો ત્યાગ

(૨) ઇષ્ટ-અનિષ્ટ રસાસ્વાદ વર્જન:
મનગમતા અને અણગમતા રસના આસ્વાદમાં રાગ-દ્વેષનો ત્યાગ

(૩) ઇષ્ટ-અનિષ્ટ ગંધાઘ્રાણ વર્જન:
મનગમતી અને અણગમતી ગંધને સુંઘવામાં હર્ષ-શોકનો ત્યાગ

(૪) ઇષ્ટ-અનિષ્ટ સ્પર્શ વર્જન:
મનગમતો અને અણગમતો સ્પર્શ કરવામાં હર્ષ-શોકનો ત્યાગ

(૫) ઇષ્ટ-અનિષ્ટ શબ્દ શ્રવણ વર્જન:
ઇષ્ટ અને અનિષ્ટ શબ્દોના શ્રવણમાં રાગ-દ્વેષનો ત્યાગ.

હિંસાદિષ્વિહામુત્ર ચાપાયાવદ્યદર્શનમ્ 7-4

હિંસાદિષુ ઈહ અમુત્ર ચ અપાય અવદ્યદર્શનમ્ 7-4

સૂત્રાર્થ: હિંસાદિ પાપોના આ લોકમાં અપાયની (અનર્થની) પરંપરા અને પરલોકમાં અવદ્યનો (પાપનો) કટુ વિપાક (ફળ) ભોગવવો પડે છે એમ વિચારણા કરવી.

ભાવાર્થ: આપણા આત્માને પાંચ વ્રતોમાં વધારે સ્થિર કરવા માટે હિંસા, અસત્ય, ~~ચોરી~~ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ આ પાંચ પાપોમાં આ ભવમાં દુઃખની પરંપરા જ આવે છે અને પરભવમાં પાપફળ જ મળે છે. અર્થાત્ તે પાપોમાં દુઃખ જ દુઃખ છે એવું વિચારવું. જેથી પાપ કરવાની ભાવના જ ન થાય.

આલોકમાં અપાય:- હિંસા

(1) હિંસક વ્યક્તિ આ જન્મમાં હંમેશા ઉદ્વિગ્ન (દુઃખી) અને આકુળ-વ્યાકુળ સ્વભાવની હોય છે. પોતે ઉદ્વિગ્ન રહે છે અને બીજાને ઉદ્વેગ કરાવે છે.

આ જન્મમાં ફળ:
ફાંસી, પોતાનું ખૂન વગેરે વધ, જેલમાં જવું, દોરડાથી બંધાવું વગેરે દુઃખો સહેવા પડે છે.

(2) જૂઠ:
આલોકમાં નુકશાન (અપાય)
જૂઠ બોલનાર પર કોઈને કદી પણ વિશ્વાસ રહેતો નથી.
અસત્યવાદી લોકમાં અવિશ્વસનીય અને અપ્રિય બને છે.

આ જન્મમાં ફળ:
જૂઠ બોલવાથી જેમને નુકસાન થયું હોય તેમને વેરબંધાય છે.
અવસરે તેને કોઈ સહાય મળતી નથી
જેલ કાપવાનું દુઃખ ભોગવવું પડે છે.

(૩) ચોરી:

આ લોકમાં નુકશાન:

- ચોરી કરનાર બધા લોકોને દુઃખી કરે છે.
- સદા ચોરી કરવાની વૃત્તિમાં તેનું મન ભટક્યા કરે છે તેથી પોતે પણ ભયભીત રહે છે.
- લોકો તેના ચોરી કરવાના સ્વભાવથી ડરે છે - સાવધાન રહે છે.

ફળ

- માર-ઝુડ મરણાંત કષ્ટ આવે છે.
- હાથકડી - બેડીની સજા પામે છે.
- દંડમાં ક્યારેક પોતાની બધી મિલકત જાય છે.
- ફાંસીની સજા પણ ભોગવવી પડે છે.
- ચોરીથી લાવેલ વસ્તુના રક્ષણ અને નિકાલ માટે અનેક કષ્ટો વેઠે છે. પકડાઈ જવાનો ભય રહે છે. અપકીર્તિ મળે છે.

(૪) અબ્રહ્મ

આ લોકમાં નુકશાન

- કામચેષ્ટાથી ભટકતું મન ગાંડા જેવું રહ્યા કરે છે.
- મોહના દોષથી આપત્તિઓ, કામાંધ બની પાપો કરે છે.
- ઇન્દ્રિયો ઉપર કાબુ ન રહેવાથી હરાયા ઢોરની જેમ ભટકે છે.

ફળ

- પરદારાગમન કરતો મનુષ્ય વેરની પરંપરા સર્જે છે.
- વીર્યની ક્ષીણતા, અપકીર્તિ, અવિશ્વાસ જેવા અનેક અનર્થો થાય છે.

(૫) પરિગ્રહ :

આ લોકમાં નુકશાન:

- જે રીતે કોઈ પક્ષી કે જેના પંજામાં માંસનો ટુકડો લાગેલો રહેતો હોય છે, તે બીજા માંસ ભક્ષી પક્ષીઓનો શિકાર બની જાય છે. તેની પાસેથી તે માંસભક્ષી પક્ષી માંસના ટુકડાને લૂંટી લે છે, અને તે માંસનો ટુકડો મેળવવા પહેલા પક્ષીને અનેક પ્રકારે ત્રાસ આપે છે.

એવી જ રીતે પરિગ્રહ ધારી મનુષ્ય પણ ચોર, ડાકુ, વગેરેનું નિશાન બની જાય છે પરિણામે ચિંતા અને દુઃખ અનુભવે છે.

પરભવનું ફળ

- જે રીતે ગમે તેટલું બળતણ નાંખવા છતાં અગ્નિ જેમ વધતો જાય છે તેમ ગમે તેટલું ધન મળવા છતાં લોભી માણસને સંતોષ હોતો જ નથી.
- કેટલાકને લાભાંતરાય નો ઉદય હોતાં ધનનો નાશ થાય ત્યારે હૃદય બંધ પડી જાય છે. અથવા મરણ સુધી માનસિક પરિતાપ રહ્યા કરે છે.
- ધન મેળવવા માટે શારીરિક અનેક કષ્ટો સહન કરવા છતાં જો ન મળે તો માનસિક ચિંતા ઉત્પન્ન થાય છે. જો ધન મળી જાય તો તેના રક્ષણ માટે કષ્ટો સહન કરવા પડે છે. ચોર, લુંટારા ધન ન લઈ જાય તેની ચિંતા, ભય વગેરે માનસિક દુઃખો રહ્યા કરે છે, તૃપ્તિ થતી નથી.
- મળેલા ધન ઉપર અશુભ કર્મના ઉદયે આસક્તિ બને છે. આ આસક્તિ જ નવા અશુભ કર્મો બંધાવે છે. લોભથી વિવેક શુન્ય બનેલો જીવ અનેક દુઃખો સહન કરે છે.

## પરલોકમાં પાપનું ફળ:

પાપાનુબંધી પુણ્યના ઉદયવાળા કોઈ જીવને પાંચ મહાપાપોથી કદાચ આ લોકમાં ઉપર જણાવેલા દુઃખો ભલે પ્રાપ્ત ન થાય, તો પણ પરલોકમાં તો અવશ્ય એ પાપોનાં કડવાં વિપાક ભોગવવાં પડે છે. ત્યાં શારીરિક અને માનસિક અનેક પ્રકારના દુઃખો ભોગવવા પડે છે.

તિર્યંચગતિમાં ભૂખ, તરસ, પરાધીનતા વગેરે કષ્ટો સહન કરવા પડે છે.

નરકગતિ તો કેવળ દુઃખો ભોગવવા માટે જ છે. નરકમાં એક ક્ષણ પણ સુખ નથી. ત્યાં દુઃખથી કંટાળીને મરવાની ઇચ્છા થાય તો પણ મરી શકે નહિ.

આ પ્રમાણે હિંસા વગેરે પાંચ પાપોના સેવનથી આ લોક અને પરલોકમાં અશાંતિની પરંપરા તથા પાપનાં કડવાં વિપાક ભોગવવાં પડે છે. તેથી આ પાંચેય દોષોનો ત્યાગ એ જ કલ્યાણકારી માર્ગ છે.

દુઃખમેવ વા ------- ૭-૫

દુઃખમ્ એવ વા ----- ૭-૫

સૂત્રાર્થ: અથવા હિંસાદિ પાપોમાં દુઃખ જ છે એમ વિચારવું.

ભાવાર્થ: ચોથા સૂત્રની ભાવનામાં હિંસા વગેરે દુઃખના કારણ છે એમ વિચારણા કરવામાં આવી છે. જ્યારે આ સૂત્રની ભાવનામાં હિંસા વગેરે પાપો સ્વયં દુઃખ રૂપ જ છે એમ વિચારવાનું છે.

વળી ચોથા સૂત્રની ભાવનામાં હિંસાદિ પાપો પોતાના દુઃખના કારણો છે એમ વિચારણાની પ્રધાનતા છે, જ્યારે આ સૂત્રની ભાવનામાં હિંસાદિથી અન્યને પણ દુઃખ થાય છે એમ વિચારણાની પ્રધાનતા છે.

(૧) હિંસા:

જેવી રીતે મને દુઃખ અનિષ્ટ (અપ્રિય) છે તેવી રીતે બધા પ્રાણીઓને તે અનિષ્ટ છે. મારી હિંસાથી જેમ મને દુઃખ થાય તેમ હું બીજાની હિંસા કરું તો તેને પણ દુઃખ કેમ ન થાય?

ભાવના: વધ, બંધન, છેદન આદિ જેવા મને પીડાકારી છે તેવા બધાને દુઃખદાયી છે તેમ વિચારી હિંસાનો ત્યાગ કરવો એ જ કલ્યાણકારી છે તેવી ભાવના ભાવવી.

(૨) અસત્ય, જૂઠ, મિથ્યાભાષણ

મારા વિષયમાં કોઈ મિથ્યાભાષણ કરે અથવા મારા ઉપર કોઈ જૂઠું આળ મૂકે (દોષિત ગણે) તો મને તીવ્ર દુઃખ થાય છે તે રીતે દરેકને દુઃખ થાય તે સ્વાભાવિક છે.

ભાવના: અસત્ય વચન કે જૂઠા આળથી મારા જેવું જ દુઃખ અન્યને થતું હોવાથી તેનાથી વિરમવું (અટકવું) એ જ કલ્યાણકારી છે.

(૩) ચોરી:
જે રીતે મનોઈષ્ટ એવા સ્વદ્રવ્યનું ચોર દ્વારા અપહરણ થવાથી શારીરિક, માનસિક દુઃખ થાય છે તે રીતે જગતના તમામ જીવોને પોતાની મનપસંદ ચીજો ચોરાવાથી દુઃખ થાય છે.

ભાવના: આ રીતે ચોરીથી મારા જેટલું જ દુઃખ જગતના તમામ જીવોને થતું હોવાથી ચોરીથી અટકી જવું એ જ કલ્યાણકારી છે તેવી ભાવના ભાવવી.

(૪) મૈથુન
મૈથુન કર્મ કે અબ્રહ્મનું આચરણ પણ દુઃખ જ છે કેમ કે તે રાગ દ્વેષ રૂપ છે. તીવ્ર રાગથી પ્રેરાયેલા રાગાન્ધ મનુષ્યો જ આવા પ્રકારના દુષ્કર્મ કરવામાં પ્રવૃત્ત થયા કરે છે તેથી એ દુઃખથી દૂર રહેવાને સુખરૂપ સમજવું જોઈએ.
ખરેખર!, મૈથુન એ સુખ નથી પણ સુખાભાસ છે અને વ્યાધિનું નિવારણ માત્ર છે.

ભાવના: વિવેકી માણસે આ લોક અને પરલોકમાં દુઃખના કારણભૂત, દુર્ગતિના કારણભૂત એવા મૈથુનથી વિરમવું કે નિવૃત્ત થવું એ જ કલ્યાણકારી છે તેવી ભાવના ભાવવી.

(૫) પરિગ્રહ:
જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેની પ્રાપ્તિની વાસનાનું દુઃખ, પ્રાપ્ત થયા પછી આ નષ્ટ ન થઈ જાય તેનું દુઃખ. ઉદાહરણ જો તે નાશ પામે તો તે ધનના વિયોગથી ઉત્પન્ન થયેલા શોકથી માણસ દુઃખી રહે છે. આ રીતે પરિગ્રહની અપ્રાપ્તિ-પ્રાપ્તિ અને વિયોગથી દુઃખ જ છે.

ભાવના: આલોક અને પરલોકમાં દુઃખ તથા દુર્ગતિને દેનાર એવા આ દુઃખના કારણભૂત પરિગ્રહથી અટકવું કે તેનો ત્યાગ કરવો એ જ કલ્યાણકારી છે તેવી ભાવના ભાવવી.